# Gujarat Public Service Commission

## PROVISIONAL RESULT

### List of Eligible Candidates for Main Examination

### Advertisement No.07/2024-25

1. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન **(GMC)** હસ્તકની **Horticultural Supervisor, Class-3** ની જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 07/2024-25**ના સંદર્ભમાં આયોગ દ્વારા **તા.27.10.2024ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે નીચે મુજબના ઉમેદવારોને મુખ્ય લેખિત કસોટી માટે પાત્ર જાહેર કરવાના થાય છે

   **મુખ્ય લેખિત કસોટી માટે પાત્ર ઉમેદવારોએ** https://gpsc-iass.gujarat.gov.in પર પોતાના દસ્તાવેજ ઓનલાઇન અપલોડ કરી રજુ કરવાના રહેશે. (પરિણામના અંતે દર્શાવેલ **ખાસ સૂચના ધ્યાને લેવી.)**

2. **મુખ્ય લેખિત કસોટી માટે પાત્ર ઉમેદવારોના બેઠક નંબરો નીચે મુજબ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| **101000085** | **101000151** | **101000224** | **101000242** | **101000351** |
| **101000388** | **Total=06** | | | |

3. **નોંધ:**

**(1)** આયોગના તા. 09.05.2017 ના કચેરી હુકમ ક્રમાંક:નવન-૧૦૯૫-૨૦૬-ભાગ-૬-આર ૬ડીની જોગવાઇ મુજબ રદ કરાયેલ પ્રશ્નોના ગુણ પ્રો-રેટા મુજબ ફાળવી, ગુણ પ્રદાન પધ્ધતિ અપનાવવાની રહે છે. સદરહુ કસોટીમાં કોઇ પણ પ્રશ્ન રદ કરવામાં આવેલ ન હોવાથી પ્રત્યેક સાચા જવાબના કિસ્સામાં **1.000** ગુણ પ્રદાન અને પ્રત્યેક ખોટા જવાબના કિસ્સામાં **0.300** ગુણ કપાત પ્રમાણે જવાબવહીનું મૂલ્યાંક્ન કરવામા આવ્યુ છે.

**(2)** સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦૨૦૧૩-૨૪૨૭૯૨-ગ.૨, તા: 21.02.2014 ની જોગવાઇ મુજબ રમતગમત અંગેની નિયત જોગવાઇઓ પરિપૂર્ણ કરતા ઉમેદવારોને લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫% ગુણ બોનસ ગુણ તરીકે ઉમેરવાના રહે છે. તદનુસાર,અરજીમાં રમતગમતની લાયકાત દર્શાવેલ ઉમેદવારોને બોનસ ગુણ પ્રદાન કરવામાં આવેલ છે.

**(3)** આયોગના તા. 07.01.2021 ના કચેરી હુકમની જોગવાઇ મુજબ, વિવિધ બોર્ડ, કોર્પોરેશન તથા નિગમ માટે વર્ગ-૩ની જગ્યાઓ પર સીધી પસંદગીથી ભરતી માટે અરજી ચકાસણી માટે પાત્ર થવા માટેનું **લઘુત્તમ લાયકી ધોરણ ૧૫%** રાખવામાં આવેલ છે.

**(4)** આયોગની તા.03.07.2024 ના કચેરી હુકમથી નિયત થયેલ જોગવાઇ મુજબ બોર્ડ, નિગમ, કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા અર્ધસરકારી સંસ્થાની વર્ગ-3 ની સીધી પસંદગીથી ભરતીમાં આયોગ દ્વારા જાહેરાતમાં દર્શાવેલ કેટેગેરીવાઇઝ જગ્યાના **06 ગણા** ઉમેદવારોને પ્રાથમિક કસોટીના કેટેગરીવાઇઝ લાયકી ધોરણ આધારે મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

**4.** અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નકલ નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(15) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(16) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(17) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**પૈકી આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર જાહેરાત ક્રમાંક: 07/2024-25 હેઠળ હવે પછી દર્શાવવામાં આવનાર યાદી મુજબના લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો / આધાર પુરાવાની નકલ યોગ્ય રીતે કાળજીપુર્વક આયોગ દ્વારા વેબસાઇટ ઉપર આપવામાં આવનાર સૂચના અનુસાર નિયત સમયમાં અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

**ખાસ સૂચના :-**

અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ પોતાની અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો/ દસ્તાવેજ ઓનલાઇન પધ્ધતિથી જ અપલોડ કરીને રજુ કરવાના રહેતા હોવાથી રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવાપાત્ર બનતા નથી, આથી ઓનલાઇન પધ્ધતિ સિવાય અરજી મોકલનાર ઉમેદવારો અરજી ચકાસણી માટે આપોઆપ અપાત્ર બનશે.

ઉમેદવારે ભરતી પ્રક્રિયા અંતર્ગત પોતાની ઉમેદવારી સંદર્ભે આગળના તબક્કાની કાર્યવાહી માટે ઓનલાઇન પધ્ધતિ અનુસરીને તકેદારી અવશ્ય દાખવવાની રહેશે.

**સ્થળ: ગાંધીનગર-382010**
**તારીખ:17.01.2025**

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ